અગત્યનું

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૪/ 2903-88
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૦૪/૦૯/૨૦૨૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)-૨૦૨૦ અન્વયે શૈક્ષણિક વર્ષ-૨૦૨૪-૨૫ થી ધોરણ-૯ અને ધોરણ-૧૧ની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કરવા બાબત.

સંદર્ભ:- (૧) અત્રેની કચેરીનો તા.૧૨/૧૦/૨૦૨૩નો પરિપત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૩/૩૭૯૯-૩૮૦૫
(૨) અત્રેની કચેરીની તા.૦૧/૦૩/૨૦૨૪ ની સિંગલ ફાઈલ પર મળેલ સરકારશ્રીની મંજૂરી.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)-૨૦૨૦ અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ અને ૧૨ ની પરીક્ષા પદ્ધતિમાં રાજ્ય સરકારશ્રીની મંજૂરી મેળવીને ફેરફાર કરવામાં આવેલ છે. જે અંગેની વિગતો અત્રેની કચેરીના સંદર્ભ-(૧) દર્શિત પત્રથી જાણ તથા અમલ સારું મોકલી આપવામાં આવેલ છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)-૨૦૨૦ અન્વયે ધોરણ-૯ થી ૧૨ ની પરીક્ષા પદ્ધતિમાં એકસૂત્રતા જળવાય તે હેતુથી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ થી ધોરણ-૯ અને ધોરણ-૧૧ ની હાલની પરીક્ષા પદ્ધતિમાં નીચે દર્શાવ્યા મુજબ ફેરફાર કરી સરળીકરણ કરવા અંગે થયેલ દરખાસ્ત ઉપર સરકારશ્રી દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે.

| હાલની જોગવાઈ | | | | સુધારેલ જોગવાઈ | | | |
|---|---|---|---|---|---|---|---|
| ધોરણ | હેતુલક્ષી પ્રશ્નો | વર્ણનાત્મક પ્રશ્નો | વર્ણનાત્મક પ્રશ્નોમાં વિકલ્પનો પ્રકાર | ધોરણ | હેતુલક્ષી પ્રશ્નો | વર્ણનાત્મક પ્રશ્નો | વર્ણનાત્મક પ્રશ્નોમાં વિકલ્પનો પ્રકાર |
| ૯ અને ૧૧ (તમામ પ્રવાહ) તેમજ સંસ્કૃત પ્રથમા અને મધ્યમા | ૨૦% | ૮૦% | આંતરિક વિકલ્પ | ૯ અને ૧૧ (તમામ પ્રવાહ) તેમજ સંસ્કૃત પ્રથમા અને મધ્યમા | ૩૦% | ૭૦% | તમામ પ્રશ્નોમાં જનરલ વિકલ્પ |

ઉપરોક્ત વિગતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૯ અને ધોરણ-૧૧ (તમામ પ્રવાહ) તેમજ સંસ્કૃત પ્રથમા અને મધ્યમાની સુધારેલ પરીક્ષા પદ્ધતિ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ થી અમલમાં આવશે. તે માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)-૨૦૨૦ અન્વયે Competency Based Assessment (ક્ષમતા આધારિત મુલ્યાંકન) મુજબ તજજ્ઞશ્રીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ નીચેના વિષયોના પ્રશ્નપત્ર પરિરૂપ, ગુણભાર અને નમૂનાના પ્રશ્નપત્રો આ સાથે મોકલી આપવામાં આવે છે. જે આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારૂ મોકલી આપશો.

| ક્રમ | ધોરણ-૯ | ધોરણ-૧૧ |
|---|---|---|
| ૧ | ગણિત | ગુજરાતી (પ્રથમ ભાષા) |
| ૨ | વિજ્ઞાન | ગુજરાતી (દ્વિતીય ભાષા) |
| 3 | સામાજિક વિજ્ઞાન | અંગ્રેજી (પ્રથમ ભાષા) |
| ૪ | ગુજરાતી (પ્રથમ ભાષા) | અંગ્રેજી (દ્વિતીય ભાષા) |
| ૫ | ગુજરાતી (દ્વિતીય ભાષા) | હિન્દી (પ્રથમ ભાષા) |
| ૬ | અંગ્રેજી (પ્રથમ ભાષા) | હિન્દી (દ્વિતીય ભાષા) |
| ૭ | અંગ્રેજી (દ્વિતીય ભાષા) | સંસ્કૃત |
| ૮ | હિન્દી (પ્રથમ ભાષા) | અર્થશાસ્ત્ર |
| ૯ | હિન્દી (દ્વિતીય ભાષા) | આંકડાશાસ્ત્ર |
| ૧૦ | સંસ્કૃત | વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન |
| ૧૧ | - | નામાના મૂળતત્વો |
| ૧૨ | - | SPCC |
| ૧૩ | - | મનોવિજ્ઞાન |
| ૧૪ | - | તત્વજ્ઞાન |
| ૧૫ | - | સમાજશાસ્ત્ર |
| ૧૬ | - | ઇતિહાસ |
| ૧૭ | - | ભૂગોળ |
| ૧૮ | - | રાજ્યશાસ્ત્ર |
| ૧૯ | - | ગણિત |
| ૨૦ | - | રસાયણ વિજ્ઞાન |
| ૨૧ | - | ભૌતિક વિજ્ઞાન |
| ૨૨ | - | જીવવિજ્ઞાન |

ઉપરોક્ત વિષયો સિવાયના ધોરણ-૯ અને ધોરણ-૧૧ના બાકી રહેતા વિષયો, ઉત્તર બુનિયાદી શાળાઓના વિષયો, વોકેશનલ શિક્ષણના વિષયો તેમજ સંસ્કૃત પાઠશાળાના વિષયોના પ્રશ્નપત્ર પરિરૂપ હવે પછી તબક્કાવાર પ્રસિદ્ધ કરવામાં આવશે. જે વિદીત થાય.

(બી.એમ.રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

બિડાણ- ઉપર મુજબ.

<u>નકલ સવિનય રવાના :-</u>

૧) માન. અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.

૨) માન. અંગત સચિવશ્રી, માન.રાજ્ય કક્ષાના મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.

૩) માન. અગ્ર સચિવશ્રી (પ્રા.શિ. અને મા.શિ.) શિક્ષણ વિભાગ, બ્લોક નં-૫/૭, સચિવાલય, ગાંધીનગર.

૪) માન. અધ્યક્ષશ્રી, ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

૫) માન. નાયબ અધ્યક્ષશ્રી, ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

<u>નકલ રવાના :-</u>

૧) નિયામકશ્રી (પરીક્ષા), ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

૨) નાયબ નિયામકશ્રી, પરીક્ષા (સા.પ્ર., વિ.પ્ર., એસ.એસ.સી.) જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2024-25

## ધોરણ-11 (વિજ્ઞાન/સામાન્ય પ્રવાહ)

## ગુજરાતી (પ્રથમભાષા)

## પ્રથમ પરીક્ષા

## પ્રશ્નપત્રનું પરિરૂપ

સમય : 2 કલાક | કુલ ગુણ : 50

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

### હેતુઓ પ્રમાણે ગુણભાર :

| હેતુઓ | જ્ઞાન(K) | સમજ(U) | ઉપયોજન(A) | ઉચ્ચ વૈચારિક કૌશલ્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | | સંયોજન/વિશ્લેષણ | અનુમાન/મૂલ્યાંકન | |
| કુલ. ગુણ | 04 | 16 | 12 | 13 | 05 | 50 |
| ટકા% | 08% | 32% | 24% | 26% | 10% | 100% |

### પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | વિકલ્પ વિના | વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો – (0) | 21 | 22 | 15 |
| 2. | અતિ ટૂંકજવાબી પ્રશ્નો (VSA) | 13 | 14 | 13 |
| 3. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-I) | 03 | 03 | 06 |
| 4. | લાંબા પ્રશ્નો (LA) | 03 | 05 | 09 |
| 5. | નિબંધ પ્રકારના પ્રશ્નો (EA) | 01 | 01 | 07 |
| | **કુલ** | **41** | **45** | **50** |

### વિભાગ પ્રમાણે ગુણભાર :

| ક્રમ | વિભાગનું નામ | વિભાગ દીઠ ગુણ |
|---|---|---|
| 1. | પદ્યવિભાગ : | 10 |
| 2. | ગદ્યવિભાગ : | 10 |
| 3. | વ્યાકરણ | 10 |
| 4. | અર્થ ગ્રહણ | 10 |
| 5. | લેખન સજ્જતા | 10 |
| | **કુલ ગુણ** | **50** |

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
## શૈક્ષણિક વર્ષ - 2024-25

### ધોરણ-11 (વિજ્ઞાન/સામાન્ય પ્રવાહ)
### ગુજરાતી (પ્રથમભાષા)
### પ્રથમ પરીક્ષા

સમય : 2 કલાક **પ્રશ્નપત્રનું માળખું** કુલ ગુણ : 50

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| | **PART - A** | |
| 1 થી 7 | પદ્ય આધારિત | [10] |
| | **PART - B** | |
| 8 થી 14 | ગદ્ય આધારિત | [10] |
| | **PART - C** | |
| 15 થી 34 | વ્યાકરણ આધારિત | [10] |
| | **SECTION - D** | |
| 35 થી 43 | અર્થગ્રહણ | [10] |
| | **SECTION - E** | |
| 44 થી 45 | લેખન સજ્જતા | [10] |
| | કુલ ગુણ | 50 |

નોંધ : (1) પ્રથમ પરીક્ષામાં જૂનથી સપ્ટેમ્બર માસ સુધીનો અભ્યાસક્રમ પૂછવાનો રહેશે.

(2) વાર્ષિક પરીક્ષાનાં નમૂનાનાં પ્રશ્નપત્રમાં મૂકવામાં આવેલ ક્ષમતા આધારિત પ્રશ્નો (CBQ) મુજબના પ્રશ્નો પ્રશ્નપત્રના તમામ વિભાગોના મળીને કુલ અંદાજિત 50% ગુણના પ્રશ્નો પ્રથમ, દ્વિતીય પરીક્ષાના પ્રશ્નપત્રમાં પૂછવાના રહેશે.

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
## શૈક્ષણિક વર્ષ - 2024-25
## ધોરણ-11 (વિજ્ઞાન/સામાન્ય પ્રવાહ)
## ગુજરાતી (પ્રથમભાષા)
## પ્રથમ પરીક્ષા
## પ્રશ્નપત્રનું માળખું

**સમય : 2 કલાક** **કુલ ગુણ : 50**

---

**સૂચનાઓ :**

1. દરેક પ્રશ્ન ફરજિયાત છે.
2. સામાન્ય વિકલ્પ આપેલ છે.
3. પ્રશ્નપત્રની જમણી બાજુના અંક ગુણભાર દર્શાવે છે.
4. લેખનરૂઢિ, ભાષાશુદ્ધિ અને લખાણની મૌલિક્તાને પ્રાધાન્ય આપવામાં આવશે.

### વિભાગ - A (પદ્ય - આધારિત)

- આપેલ પ્રશ્નનો હેતુલક્ષી ઉત્તર આપવાનો રહેશે. (જેનો 1 ગુણ રહેશે.) **[01]**
  **પ્રશ્ન 1** (કર્તા, કૃતિ, મૂળકૃતિ, સાહિત્યસ્વરૂપ આધારિત પ્રશ્ન પૂછવાનો રહેશે.)
- આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખવાનો રહેશે. (પ્રત્યેકનો 1 ગુણ રહેશે.) **[02]**
  (જેમાં A,B,C,D ચાર વિકલ્પો આપવાના રહેશે.)
  **પ્રશ્ન-2, 3**
- આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખવાના રહેશે.
  (પ્રત્યેકનો 1 ગુણ રહેશે) **[02]**
  **પ્રશ્ન 4, 5**
- આપેલ પ્રશ્નનો ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખવાનો રહેશે. (જેના 2 ગુણ રહેશે) **[02]**
  **પ્રશ્ન-6**
- આપેલ પ્રશ્નનો સવિસ્તાર ઉત્તર લખવાનો રહેશે, (જેના 3 ગુણ રહેશે) **[03]**
  **પ્રશ્ન-7 અથવા 7**

### વિભાગ - B (ગદ્ય આધારિત)

- આપેલ પ્રશ્નનો હેતુલક્ષી ઉત્તર લખવાનો રહેશે. (જેનો 1 ગુણ રહેશે.) (કર્તા, કૃતિ, મૂળકૃતિ અને સા. સ્વરૂપ આધારિત પ્રશ્ન પૂછવાનો રહેશે.) **[01]**
  **પ્રશ્ન-8**
- આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખવાનો રહેશે. (પ્રત્યેકનો 1 ગુણ રહેશે)
  (જેમાં A,B,C,D ચાર વિકલ્પ આપવાના રહેશે.) **[02]**
  **પ્રશ્ન-9, 10**
- આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખવાના રહેશે. (પ્રત્યેકનો 1 ગુણ રહેશે.) **[02]**
  **પ્રશ્ન-11, 12**
- આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખવાનો રહેશે. (જેના 2 ગુણ રહેશે.) **[02]**
  **પ્રશ્ન-13**
- આપેલા પ્રશ્નનો સવિસ્તાર ઉત્તર લખવાનો રહેશે. (જેના 3 ગુણ રહેશે.) **[03]**
  **પ્રશ્ન-14 અથવા 14**

## વિભાગ - C (વ્યાકરણ આધારિત)

- આપેલા કોઈપણ બે સમાનાર્થી શબ્દો શોધીને લખવાના રહેશે. (પ્રત્યેકનો 0.5 ગુણ રહેશે.) **[01]**
  **પ્રશ્ન : 15, 16, 17**
- આપેલા વાક્યોમાંથી કોઈપણ બે વાક્યોમાં રેખાંકિત શબ્દનો વિરોધી શબ્દ લખી વાક્યનો અર્થ બદલાય નહીં તે રીતે વાક્ય ફરી લખવાનું રહેશે, (પ્રત્યેકનો 0.5 ગુણ રહેશે.) **[01]**
  **પ્રશ્ન : 18, 19, 20**
- આપેલા શબ્દસમૂહોમાંથી કોઈપણ બે શબ્દસમૂહો માટે એક શબ્દ લખવાનો રહેશે, (પ્રત્યેકનો 0.5 ગુણ)
  રહેશે. **[01]**
  **પ્રશ્ન : 21, 22, 23**
- આપેલા તળપદા શબ્દોના શિષ્ટ અર્થ લખવાના રહેશે. (પ્રત્યેકનો 0.5 ગુણ રહેશે.) **[01]**
  **પ્રશ્ન : 24, 25**
- આપેલા શબ્દોની સાચી જોડણી લખવાની રહેશે. (પ્રત્યેકનો 0.5 ગુણ રહેશે.) **[01]**
  **પ્રશ્ન : 26, 27**
- આપેલા શબ્દોના અર્થભેદ લખવાના રહેશે. (પ્રત્યેકનો 0.5 ગુણ રહેશે.) **[01]**
  **પ્રશ્ન : 28, 29**
- આપેલા રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્યપ્રયોગ કરવાનો રહેશે. (જેનો 1 ગુણ રહેશે.) **[01]**
  **પ્રશ્ન : 30 અથવા 30**
- આપેલ પ્રશ્નોમાં દર્શાવેલ સૂચના મુજબ કોઈપણ ત્રણના ઉત્તર લખવાના રહેશે. (પ્રત્યેક 1 ગુણ રહેશે.) **[03]**
  **પ્રશ્ન : 31 – વાક્યમાં પ્રત્યય સુધારો.**
  **પ્રશ્ન : 32 – વાક્યમાં સંયોજક શોધો.**
  **પ્રશ્ન : 33 – વાક્યમાં વિભક્તિ પ્રકાર ઓળખાવો.**
  **પ્રશ્ન : 34 – સંયોજક મૂકો**

## વિભાગ - D (અર્થગ્રહણ)

- આપેલ પાઠ્યેતર પદ્યના આધારે આપેલ પ્રશ્નોનો એક વાક્યમાં ઉત્તર લખવાનો રહેશે. (દરેકનો 1 ગુણ રહેશે.) **[04]**
  **પ્રશ્ન : 35, 36, 37, 38**
- આપેલ પાઠ્યેતર ગદ્યખંડના આધારે આપેલ પ્રશ્નોનો એક વાક્યમાં ઉત્તર લખવાનો રહેશે. (પ્રત્યેકનો 1 ગુણ રહેશે) **[04]**
  **પ્રશ્ન : 39, 40, 41, 42**
- આપેલ બે વાક્યોમાં યોગ્ય વિરામચિહ્નો દર્શાવી ફરી લખવાના રહેશે. **[02]**
  **પ્રશ્ન : 43**

## વિભાગ - E (લેખન સજ્જતા)

- આપેલ પંક્તિઓનો વિચાર વિસ્તાર કરવાનો રહેશે. **[03]**
  **પ્રશ્ન : 44**
- નિબંધ લેખન
  આપેલ વિષયો પૈકી કોઈપણ એક વિષય પર આપેલા મુદ્દા પરથી નિબંધ લખવાનો રહેશે. **[07]**
  **પ્રશ્ન : 45 અથવા 45 અથવા 45**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
## શૈક્ષણિક વર્ષ - 2024-25

## ધોરણ-11 (વિજ્ઞાન/સામાન્ય પ્રવાહ)
## ગુજરાતી (પ્રથમભાષા)
## દ્વિતીય પરીક્ષા

**સમય : 2 કલાક** **પ્રશ્નપત્રનું પરિરૂપ** **કુલ ગુણ : 50**

**નોંધ :** આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

### હેતુઓ પ્રમાણે ગુણભાર :

| હેતુઓ | જ્ઞાન(K) | સમજ(U) | ઉપયોજન(A) | ઉચ્ચ વૈચારિક કૌશલ્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | | સંયોજન/વિશ્લેષણ | અનુમાન/મૂલ્યાંકન | |
| ગુણ | 04 | 16 | 12 | 13 | 05 | 50 |
| ટકા(%) | 08% | 32% | 24% | 26% | 10% | 100% |

### પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | વિકલ્પ વિના | વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો – (0) | 21 | 22 | 15 |
| 2. | ટૂંકજવાબી પ્રશ્નો (VSA) | 13 | 14 | 13 |
| 3. | ટૂંકજવાબી પ્રશ્નો (SA–I) | 03 | 03 | 06 |
| 4. | લાંબા પ્રશ્નો (LA) | 03 | 05 | 09 |
| 5. | નિબંધ પ્રકારના પ્રશ્નો (EA) | 01 | 01 | 07 |
| | **કુલ** | **41** | **45** | **50** |

### પ્રકરણ / વિભાગ પ્રમાણે ગુણભાર :

| ક્રમ | પ્રકરણ / વિભાગનું નામ | વિભાગ દીઠ ગુણ |
|---|---|---|
| 1. | પદ્યવિભાગ : | 10 |
| 2. | ગદ્યવિભાગ : | 10 |
| 3. | વ્યાકરણ | 10 |
| 4. | અર્થ ગ્રહણ | 10 |
| 5. | લેખન સજ્જતા | 10 |
| | **કુલ ગુણ** | **50** |

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ - 2024-25

# ધોરણ-11 (વિજ્ઞાન/સામાન્ય પ્રવાહ)

## ગુજરાતી (પ્રથમભાષા)

## દ્વિતીય પરીક્ષા

## પ્રશ્નપત્રનું માળખું

સમય : 2 કલાક | કુલ ગુણ : 50

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| | **PART - A** | |
| 1 થી 7 | પદ્ય આધારિત | [10] |
| | **PART - B** | |
| 8 થી 14 | ગદ્ય આધારિત | [10] |
| | **PART - C** | |
| 15 થી 34 | વ્યાકરણ આધારિત | [10] |
| | **SECTION - D** | |
| 35 થી 43 | અર્થગ્રહણ | [10] |
| | **SECTION - E** | |
| 44 થી 45 | લેખન સજ્જતા | [10] |
| | કુલ ગુણ | 50 |

નોંધ : (1) દ્વિતીય પરીક્ષા માટે જૂનથી ડિસેમ્બર માસ સુધીનો અભ્યાસક્રમ રહેશે. જેમાંથી જૂનથી સપ્ટેમ્બર માસ સુધીના અભ્યાસક્રમમાંથી 30% અભ્યાસક્રમ અને ઓક્ટોબરથી ડિસેમ્બર માસ સુધીના અભ્યાસક્રમમાંથી 70% અભ્યાસક્રમ રહેશે.

(2) વાર્ષિક પરીક્ષાનાં નમૂનાનાં પ્રશ્નપત્રમાં મૂકવામાં આવેલ ક્ષમતા આધારિત પ્રશ્નો (CBQ) મુજબના પ્રશ્નો પ્રશ્નપત્રના તમામ વિભાગોના મળીને કુલ અંદાજિત 50% ગુણના પ્રશ્નો પ્રથમ, દ્વિતીય પરીક્ષાના પ્રશ્નપત્રમાં પૂછવાના રહેશે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2024-25

## ધોરણ-11 (વિજ્ઞાન/સામાન્ય પ્રવાહ)

## ગુજરાતી (પ્રથમભાષા)

## દ્વિતીય પરીક્ષા

**સમય : 2 કલાક** **પ્રશ્નપત્રનું માળખું** **કુલ ગુણ : 50**

**સૂચનાઓ :**

1. દરેક પ્રશ્ન ફરજિયાત છે.
2. પ્રશ્નમાં સામાન્ય વિકલ્પ આપેલ છે.
3. પ્રશ્નની જમણી બાજુના અંક ગુણભાર દર્શાવે છે.
4. લેખન સજ્જતા, ભાષાશુદ્ધિ અને લખાણની મૌલિકતાને પ્રાધાન્ય આપવામાં આવશે.

### વિભાગ - A પદ્ય આધારિત

- આપેલ પ્રશ્નનો હેતુલક્ષી ઉત્તર લખવાનો રહેશે. (જેનો 1 ગુણ રહેશે.) **[01]**
  **પ્રશ્ન-1** (કર્તા, કૃતિ, મૂળકૃતિ, સા. સ્વરૂપ આધારિત પ્રશ્ન પૂછવાનો રહેશે.
- આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખવાના રહેશે. (દરેકનો 1 ગુણ રહેશે.) **[02]**
  **પ્રશ્ન-2, 3** (જેમાં A,B,C,D ચાર વિકલ્પો આપવાના રહેશે.)
- આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખવાના રહેશે. (દરેકનો 1 ગુણ રહેશે.) **[02]**
  **પ્રશ્ન-4, 5**
- આપેલ પ્રશ્નનો ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખવાનો રહેશે. (જેના 2 ગુણ રહેશે.) **[02]**
  **પ્રશ્ન-6**
- આપેલ પ્રશ્નનો સવિસ્તાર ઉત્તર લખવાનો રહેશે. (જેના 3 ગુણ  રહેશે.) **[03]**
  **પ્રશ્ન-7 અથવા 7**

### વિભાગ - B ગદ્ય આધારિત

- આપેલ પ્રશ્નનો હેતુલક્ષી ઉત્તર આપવાનો રહેશે. (જેનો 1 ગુણ રહેશે.) **[01]**
  **પ્રશ્ન-8** (કર્તા, કૃતિ, મૂળ કૃતિ, સા.પ્રકાર આધારિત પ્રશ્ન પૂછવાનો રહેશે.)
- આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખવાનો રહેશે. (દરેકનો 1 ગુણ રહેશે.) **[02]**
  **પ્રશ્ન-9 - 10** (પ્રશ્ન પાછળ A,B,C,D એમ ચાર વિકલ્પ આપવાના રહેશે.)
- આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપવાના રહેશે. (દરેકના 1 ગુણ રહેશે.) **[02]**
  **પ્રશ્ન-11, 12**
- આપેલા પ્રશ્નનો ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર આપવાનો રહેશે. (જેના 2 ગુણ રહેશે.) **[02]**
  **પ્રશ્ન-13**
- આપેલ પ્રશ્નો સવિસ્તાર ઉત્તર આપવાનો રહેશે. (જેના 4 ગુણ રહેશે.) **[03]**
  **પ્રશ્ન-14 અથવા 14**

## વિભાગ - C (વ્યાકરણ આધારિત)

- આપેલા કોઈપણ બે સમાનાર્થી શબ્દો શોધીને લખવાના રહેશે. (દરેકનો 0.5 ગુણ રહેશે.) **[01]**

**પ્રશ્ન-15, 16, 17**

- આપેલા કોઈપણ બે વાક્યોમાં રેખાંકિત શબ્દનો વિરોધી શબ્દ લખી વાક્યનો અર્થ બદલાય નહીં તે રીતે વાક્ય ફરીથી લખવાનું રહેશે. (દરેકનો 0.5 ગુણ રહેશે.) **[01]**

**પ્રશ્ન-18, 19, 20**

- આપેલા કોઈપણ બે શબ્દસમૂહો માટે એક શબ્દ લખવાનો રહેશે. (દરેકનો 0.5 ગુણ રહેશે.) **[01]**

**પ્રશ્ન-21, 22, 23**

- આપેલા તળપદા શબ્દોના શિષ્ટ અર્થ લખવાના રહેશે. (દરેકનો 0.5 ગુણ રહેશે.) **[01]**

**પ્રશ્ન-24, 25**

- આપેલા શબ્દોની સાચી જોડણી લખવાની રહેશે. (દરેકનો 0.5 ગુણ રહેશે.) **[01]**

**પ્રશ્ન-26, 27**

- આપેલા શબ્દોના અર્થભેદ લખવાના રહેશે. (દરેકનો 0.5 ગુણ રહેશે.) **[01]**

**પ્રશ્ન-28, 29**

- આપેલ રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્ય પ્રયોગ કરવાનો રહેશે. (જેનો 1 ગુણ રહેશે.) **[01]**

**પ્રશ્ન-30 અથવા 30**

- આપેલ રૂઢિપ્રયોગો અર્થ આપી વાક્ય પ્રયોગ કરવાનો રહેશે. (જેનો ગુણ 1 ગુણ રહેશે.)
- આપેલ પ્રશ્નોમાં દર્શાવેલ સૂચના મુજબ કોઈપણ ત્રણ પ્રશ્નોના ઉત્તર લખવાના રહેશે. (દરેકનો જેનો 01 ગુણ રહેશે.) **[03]**

**પ્રશ્ન-31** (વાક્યમાં પ્રત્યય સુધારો)

**પ્રશ્ન-32** (વાક્યમાં સંયોજક શોધો)

**પ્રશ્ન-33** (વાક્યમાં વિભક્તિ પ્રકાર ઓળખાવો)

**પ્રશ્ન-34** (વાક્યમાં સંયોજક મૂકો)

## વિભાગ - D અર્થગ્રહણ

- આપેલ પાઠ્યેતર પદ્યના આધારે આપેલ પ્રશ્નોનો એક વાક્યમાં ઉત્તર લખવાનો રહેશે. (દરેનો 1 ગુણ રહેશે.) **[04]**

**પ્રશ્ન 35, 36, 37, 38**

- આપેલ પાઠ્યેતર ગદ્યખંડના આધારે આપેલ પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખવાનો રહેશે. (પ્રત્યેકનો 1 ગુણ રહેશે.) **[04]**

**પ્રશ્ન 39, 40, 41, 42**

- આપેલ બે વાક્યોમાં યોગ્ય વિરામચિહ્નો દર્શાવી ફરી લખવાના રહેશે. **[02]**

**પ્રશ્ન 43**

## વિભાગ - E (લેખન સજ્જતા)

- આપેલ વિષય પર 100 શબ્દોમાં અહેવાલ લેખન કરવાનું રહેશે. **[03]**

**પ્રશ્ન-44**

- નિબંધ લેખન

આપેલ વિષય પૈકી કોઈપણ એક વિષય પર તેની નીચે આપેલ મુદ્દા આધારિત નિબંધ લખવાનો રહેશે. **[07]**

**પ્રશ્ન-45 અથવા 45 અથવા 45**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2024-25

## ધોરણ-11 (વિજ્ઞાન/સામાન્ય પ્રવાહ)
## ગુજરાતી (પ્રથમભાષા)
## વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક **પ્રશ્નપત્રનું પરિરૂપ** કુલ ગુણ : 80

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

### હેતુઓ પ્રમાણે ગુણભાર :

| હેતુઓ | જ્ઞાન(K) | સમજ(U) | ઉપયોજન(A) | ઉચ્ચ વૈચારિક કૌશલ્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | | સંયોજન/વિશ્લેષણ | અનુમાન/મૂલ્યાંકન | |
| ગુણ | 10 | 12 | 18 | 26 | 14 | 80 |
| ટકા % | 13% | 15% | 22% | 33% | 17% | 100% |

### પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | વિકલ્પ વિના | વિલ્કપ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 33 | 33 | 24 |
| 2. | ટૂંકજવાબી પ્રશ્નો (SA–I) | 18 | 20 | 18 |
| 3. | ટૂંકજવાબી પ્રશ્નો (SA–II) | 06 | 06 | 14 |
| 4. | વિસ્તૃત પ્રશ્નો (LA) | 04 | 05 | 16 |
| 5. | નિબંધ પ્રકારના પ્રશ્નો (EA) | 01 | 03 | 08 |
| | **કુલ** | **62** | **67** | **80** |

### પ્રકરણ/વિભાગ પ્રમાણે ગુણભાર :

| ક્રમ | પ્રકરણ/વિભાગનું નામ | પ્રકરણ/વિભાગ દીઠ ગુણ |
|---|---|---|
| 1 | પદ્ય વિભાગ | 16 |
| 2 | ગદ્ય વિભાગ | 16 |
| 3. | વ્યાકરણ | 16 |
| 4. | અર્થગ્રહણ | 16 |
| 5 | લેખન સજ્જતા | 16 |
| | **કુલ ગુણ** | **80** |

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2024-25

## ધોરણ-11 (વિજ્ઞાન/સામાન્ય પ્રવાહ)

## ગુજરાતી (પ્રથમભાષા)

## વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક **પ્રશ્નપત્રનું માળખું** કુલ ગુણ : 80

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| | **PART - A** | |
| 1 થી 11 | પદ્ય વિભાગ | [16] |
| | **PART - B** | |
| 12 થી 22 | ગદ્ય વિભાગ | [16] |
| | **PART - C** | |
| 23 થી 52 | વ્યાકરણ વિભાગ | [16] |
| | **SECTION - D** | |
| 53 થી 64 | અર્થગ્રહણ | [16] |
| | **SECTION - E** | |
| 65 થી 67 | લેખન સજ્જતા | [16] |
| | કુલ ગુણ | 80 |

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

### શૈક્ષણિક વર્ષ - 2024-25

### ધોરણ-11 (વિજ્ઞાન/સામાન્ય પ્રવાહ)

### ગુજરાતી (પ્રથમભાષા)

### વાર્ષિક પરીક્ષા

**સમય : 3 કલાક** **પ્રશ્નપત્રનું માળખું** **કુલ ગુણ : 80**

---

**સૂચનાઓ :**

1. દરેક પ્રશ્ન ફરજિયાત છે.
2. સામાન્ય વિકલ્પ આપેલ છે.
3. પ્રશ્નની જમણી બાજુના અંક ગુણભાર દર્શાવે છે.
4. લેખન સજ્જતા ભાષાશુદ્ધિ અને લખાણની મૌલિકતાને પ્રાધાન્ય આપવામાં આવશે.

### વિભાગ - A પદ્ય આધારિત

- આપેલ પ્રશ્નોના હેતુલક્ષી ઉત્તર લખવાના રહેશે. (પ્રત્યકનો 1 ગુણ રહેશે.) **[03]**
  **પ્રશ્ન-1, 2, 3**
- આપેલ બહુવિકલ્પ પ્રકારના પ્રશ્નોનાં ઉત્તર યોગ્ય વિકલ્પ પસંદ કરી લખવાનો રહેશે. (A, B, C, D વિકલ્પ આપવાના રહેશે.) (પ્રત્યેકનો 1 ગુણ રહેશે.) **[03]**
  **પ્રશ્ન-4, 5, 6**
- આપેલ પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખવાના રહેશે. (પ્રત્યેકનો 1 ગુણ રહેશે.) **[02]**
  **પ્રશ્ન-7, 8**
- આપેલ પ્રશ્નનો ચાર-પાંચ વાક્યમાં ઉત્તર લખવાનો રહેશે. (પ્રત્યેકના 2 ગુણ રહેશે.) **[04]**
  **પ્રશ્ન-9, 10**
- આપેલ પ્રશ્નનો સવિસ્તાર ઉત્તર લખવાનો રહેશે. (જેના 4 ગુણ રહેશે.) **[04]**
  **પ્રશ્ન-11 અથવા 11**

### વિભાગ - B (ગદ્ય આધારિત)

- આપેલ પ્રશ્નોના હેતુલક્ષી ઉત્તર આપવાના રહેશે. (પ્રત્યેકનો 1 ગુણ રહેશે.) (કર્તા, કૃતિ, મૂળકૃતિ, સા. સ્વરૂપ આધારિત પ્રશ્ન પૂછવાના રહેશે. **[03]**
  **પ્રશ્ન-12, 13, 14**
- આપેલ બહુવિકલ્પ પ્રકારના પ્રશ્નોના ઉત્તર યોગ્ય વિકલ્પ પસંદ કરી લખવાના રહેશે. (A, B, C, D વિકલ્પ આપવાના રહેશે.) (પ્રત્યેકનો 1 ગુણ રહેશે.) **[03]**
  **પ્રશ્ન-15, 16, 17**
- આપેલ પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખવાના રહેશે. (પ્રત્યેકનો 1 ગુણ રહેશે.) **[02]**
  **પ્રશ્ન-18, 19**
- આપેલ પ્રશ્નોના ચાર-પાંચ વાક્યમાં ઉત્તર લખવાના રહેશે. (પ્રત્યેકના 2 ગુણ રહેશે.) **[04]**
  **પ્રશ્ન-20, 21**

- આપેલ પ્રશ્નનો સવિસ્તાર ઉત્તર લખવાનો રહેશે (જેના 4 ગુણ રહેશે.) **[04]**
  **પ્રશ્ન-22 અથવા 22**

## વિભાગ - C (વ્યાકરણ વિભાગ)

- આપેલ સમાનાર્થી શબ્દોમાંથી કોઈપણ ચાર સમાનાર્થી શબ્દો શોધીને લખવાના રહેશે. (પ્રત્યેકનો 0.5 ગુણ રહેશે.) **[02]**
  **પ્રશ્ન-23, 24, 25, 26, 27**

- આપેલ વાક્યોમાંથી કોઈપણ ચાર રેખાંકિત શબ્દનો વિરોધી શબ્દ લખી વાક્યનો અર્થ બદલાય નહીં તે રીતે વાક્ય ફરીથી લખવાનું રહેશે. (પ્રત્યેકનો 0.5 ગુણ રહેશે.) **[02]**
  પ્રશ્ન-28, 29, 30, 31, 32

- આપેલ શબ્દસમૂહોમાંથી કોઈપણ ચાર શબ્દસમૂહો માટે એક શબ્દ લખવાનો રહેશે. (પ્રત્યેકનો 0.5 ગુણ રહેશે.) **[02]**
  **પ્રશ્ન-33, 34, 35, 36, 37**

- આપેલા તળપદા શબ્દોનું શિષ્ટરૂપ લખવાનું રહેશે. (પ્રત્યેકનો 0.5 ગુણ રહેશે.) **[01]**
  **પ્રશ્ન-38, 39**

- આપેલા શબ્દોની સાચી જોડણી લખવાની રહેશે. (પ્રત્યેકનો 0.5 ગુણ રહેશે.) **[01]**
  **પ્રશ્ન-40, 41**

- આપેલા શબ્દોના અનેકાર્થી (અર્થભેદ) લખવાના રહેશે. (પ્રત્યેકનો 0.5 ગુણ રહેશે.) **[01]**
  **પ્રશ્ન-42, 43**

- આપેલા રૂઢિપ્રયોગોમાંથી કોઈપણ બે રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરવાનો રહેશે. (પ્રત્યેકનો 1 ગુણ રહેશે.) **[02]**
  **પ્રશ્ન-44, 45, 46**

- આપેલ પ્રશ્નોમાં દર્શાવેલ સૂચના મુજબ કોઈપણ પાંચ ઉત્તર લખવાના રહેશે. (પ્રત્યેકનો 1 ગુણ રહેશે.) **[05]**
  **પ્રશ્ન-47** સંયોજક શોધો.

  **પ્રશ્ન-48** પ્રત્યય સુધારો.

  **પ્રશ્ન-49** વિભક્તિ ઓળખાવો.

  **પ્રશ્ન-50** વાક્ય પ્રકાર ઓળખાવો.

  **પ્રશ્ન-51** વાક્ય પરિવર્તન કરો.

  **પ્રશ્ન-52** વાક્ય પરિવર્તન કરો.

## વિભાગ - D (અર્થગ્રહણ)

- આપેલ પાઠ્યેત્તર પદ્યના આધારે આપેલ પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખવાના રહેશે. (પ્રત્યેકનો 1 ગુણ રહેશે.) **[05]**
  **પ્રશ્ન-53, 54, 55, 56, 57**

- આપેલ પાઠ્યેતર ગદ્યખંડના આધારે આપેલ પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખવાના રહેશે. (પ્રત્યેકનો 1 ગુણ રહેશે.) **[05]**
  **પ્રશ્ન-58, 59, 60, 61, 62**

- આપેલ ગદ્યખંડનો ત્રીજા ભાગમાં સંક્ષેપ કરવાનો રહેશે. (જેના 4 ગુણ રહેશે.) **[04]**
  **પ્રશ્ન-63**
- આપેલ બે વાક્યમાં યોગ્ય વિરામચિહ્નો દર્શાવી ફરીથી લખવાના રહેશે. (જેના 2 ગુણ રહેશે.) **[02]**
  **પ્રશ્ન-64**

## વિભાગ - E (લેખન સજ્જતા)

- આપેલ પંક્તિનો વિચાર-વિસ્તાર કરવાનો રહેશે. (જેના 4 ગુણ રહેશે.) **[04]**
  પ્રશ્ન-65
- આપેલ વિષય પર આશરે 70 થી 80 શબ્દોમાં અહેવાલ લખવાનો રહેશે. (જેના 4 ગુણ રહેશે.) **[04]**
  **પ્રશ્ન-66**
- આપેલ વિષયોમાંથી કોઈપણ એક વિષય પર આપેલા મુદ્દા પરથી નિબંધ લખવાનો રહેશે. (જેના 8 ગુણ રહેશે) **[08]**
  **પ્રશ્ન-67 અથવા 67 અથવા 67**

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગુજરાત રાજ્ય ગાંધીનગર

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
## શૈક્ષણિક વર્ષ - 2024-25
## ધોરણ-11 (સામાન્ય/વિજ્ઞાન પ્રવાહ)
## ગુજરાતી (પ્રથમભાષા)
## વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક | **નમૂનાનું પ્રશ્નપત્ર** | કુલ ગુણ : 80

---

**સૂચનાઓ :**

1. દરેક પ્રશ્ન ફરજિયાત છે.
2. સામાન્ય વિકલ્પ આપેલ છે.
3. પ્રશ્નની જમણી બાજુમાં અંક ગુણભાર દર્શાવે છે.
4. લેખન સજ્જતા, ભાષાશુદ્ધિ અને લખાણની મૌલિકતાને પ્રાધાન્ય આપવામાં આવશે.

---

### વિભાગ - A (પદ્ય આધારિત)

- **નીચે આપેલ પ્રશ્નનો હેતુલક્ષી ઉત્તર લખો. (દરેકનો 1 ગુણ રહેશે.)** **[03]**

1. 'સીમ અને ઘર' કાવ્યનો સાહિત્ય પ્રકાર જણાવો.
2. 'સહી નથી' ગઝલકારનું પૂરું નામ જણાવો.
3. કવિ ભાલણને કયું બિરુદ આપવામાં આવ્યું છે ?

- **નીચે આપેલા પ્રશ્નોમાં તેની નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો. (દરેકનો 01 ગુણ રહેશે.)** **[03]**

4. મદન કુંવર કયા રાજ્યનો રાજકુમાર હતો.
   (A) કૌંતલપુર (B) ખદલપુર
   (C) કૌશલ (D) કોતરપુર
5. આવી નગરમાં લાગી ________ પંક્તિ પૂરી કરો.
   (A) આય (B) લાય
   (C) વાય (D) યાય
6. ગોરી શબ્દનો સાચો અર્થ શું થાય ?
   (A) ગૌરી (B) રૂપાળી સ્ત્રી
   (C) ગાય (D) પાણીની ગોળી

- **નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (દરેકનો 01 ગુણ રહેશે.)** **[02]**

7. ભગવાન પોતાનો ભાગ ખાવા ક્યારે આવતા ?
8. કયો ડર પેદા થવાથી ફળીનું ઝાડવું જંગલમાં જવાની વાતો કરે છે ?

- **નીચે આપેલા પ્રશ્નનો ચાર પાંચ વાક્યમાં ઉત્તર લખો. (દરેકનો 2 ગુણ રહેશે.)** **[04]**

9. હજી સુધી ઘરે કોણ પાછું ફર્યું નથી ? શા માટે ?

10. નાયકના આતિથ્ય માટે નાયિકા શી-શી વિનંતી કરે છે ?

- **નીચે આપેલા પ્રશ્નનો સવિસ્તાર ઉત્તર લખો. (જેના 4 ગુણ રહેશે.)** **[04]**

11. રાજા અશોકમાંથી સાધુ અશોક બન્યાની જીવનયાત્રા તમારા શબ્દોમાં લખો.

**અથવા**

11. 'મારા ફળીના બે ઝાડવા' ગીતનો મધ્યવર્તી વિચાર સ્પષ્ટ કરો.

## વિભાગ - B ગદ્ય આધારિત

- **નીચે આપેલા પ્રશ્નોના હેતુલક્ષી ઉત્તર લખો. (દરેકનો 01 ગુણ રહેશે.)** **[03]**

12. 'બુરાઈના દ્વાર પરથી' કૃતિના લેખકનું નામ જણાવો.

13. 'તપસ્વી સારસ્વત' કૃતિના નાયકનું નામ જણાવો.

14. 'જીવનમાં કૃત્રિમતા કરતા વ્યક્તિની સહજતા જ શોભે છે' એવો ભાવ દર્શાવતી કઈ કૃતિ તમારા પાઠ્યપુસ્તકમાં આવેલી છે ?

- **નીચે આપેલા પ્રશ્નોના તેની નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો. (દરેકનો 01 ગુણ રહેશે.)** **[03]**

15. 'આ માણસ ગાંડો છે ?' આ વાક્ય કોણ બોલે છે ?

    (A) પોસ્ટમાસ્તર (B) ક્લાર્ક
    (C) અલીડોસો (D) લક્ષ્મીદાસ

16. કિશનના લગ્ન વખતે મામીએ કઈ ભેટ આપી ?

    (A) કલ્લીઓ (B) સોનાની સેર
    (C) પાંચીકા (D) જરીની ટોપી

17. 'જુગલ જુગારી' નાટકની નાયિકા કોણ હતી ?

    (A) રંભા (B) લલિતા
    (C) ગુલાબ (D) કુમારિકા

- **નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (દરેકનો 01 ગુણ રહેશે.)** **[02]**

18. જીભ દ્વારા કયા બે કાર્યો થાય છે ?

19. આપણામાં કેવી મનોવૃત્તિ દૃઢ થઈ ગઈ છે ?

- નીચે આપેલા પ્રશ્નોના ચાર-પાંચ વાક્યમાં ઉત્તર લખો. **(દરેકનો 02 ગુણ રહેશે.)** **[04]**

20. લેખક બધી ઇન્દ્રિયોમાં કઈ ઇન્દ્રિયને સર્વશ્રેષ્ઠ માને છે ? શા માટે ?

21. લગ્નમાં ભેટ આપવાનો રિવાજ જાણીતો છે, પણ કિશને અમુને શી ભેટ આપી ? શા માટે ?

- **નીચે આપેલા પ્રશ્નનો સવિસ્તાર ઉત્તર લખો. (જેના 4 ગુણ રહેશે.)** **[04]**

22. ઘમંડી રમણિકલાલ કેવી રીતે પસ્તાવાના ઝરણામાં નાહ્યા, તે તમારા શબ્દોમાં તારવો.

**અથવા**

22. 'રેફરન્સ બુક' લઘુકથામાંથી પ્રગટ થતું બાનું રેખાચિત્ર આલેખો.

## વિભાગ - C વ્યાકરણ આધારિત

- **નીચે આપેલા સમાનાર્થી શબ્દો સામ સામે શોધીને લખો. (કોઈપણ ચાર, દરેકના 0.5 ગુણ રહેશે.)** **[02]**

| | | |
|---|---|---|
| 23. કાષ્ઠ | જંગલ | મર્યાદા |
| 24. સીમાડો | લાકડા | જુસ્સાદાર |
| 25. રૂઆબદાર | આજ્ઞા | ફરમાન |
| 26. વન | હદ | બળતણ |
| 27. હુકમ | પ્રભાવી | કાનન |

- **નીચ આપેલા વાક્યોમાં રેખાંકિત શબ્દનો વિરોધી શબ્દ લખી વાક્યનો અર્થ ન બદલાય તે રીતે વાક્ય ફરીથી લખો. (દરેકનો 0.5 ગુણ રહેશે, કોઈપણ ચાર લખવાના રહેશે.)** **[02]**

28. અલી મૂળ <u>હોંશિયાર</u> શિકારી હતો.
29. પ્રણય <u>અતૃપ્ત</u> જ રહે છે.
30. ભજન કરે તે <u>હારતો</u> નથી
31. હું <u>ધિક્કારું</u> છું.
32. <u>પરાજિત</u> કલિંગમાં ચુપકીદી છવાઈ રહી.

- **નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. (કોઈપણ ચાર, દરેકનો 0.5 ગુણ રહેશે.)** **[02]**

33. મામાનું ઘર
34. માટીની ભીંતવાળો ઓરડો
35. જેનો કોઈ શત્રુ નથી તે
36. ઝટ ન ઉકેલી શકાય તેવો પ્રશ્ન
37. ગાયનો સમૂહ કે ટોળું

- **નીચે આપેલા તળપદા શબ્દોના શિષ્ટરૂપ લખો. (દરેકનો 0.5 ગુણ રહેશે.)** **[01]**

38. ગોરી
39. મનુજ

- **નીચે આપેલા શબ્દોની સાચી જોડણી લખો. (દરેકનો 0.5 ગુણ રહેશે.)** **[01]**

40. પરીસ્થીતી
41. કઠીયારો

- નીચે આપેલા  શબ્દોના અર્થભેદ લખો. **(દરેકનો 0.5 ગુણ રહેશે)** **[01]**

42. જિન-જીન

43. ભાગ - ભાંગ

- **નીચે આપેલા રૂઢિપ્રયોગોમાંથી કોઈપણ બે રૂઢિપ્રયોગોના અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો. (પ્રત્યેકનો 01 ગુણ રહેશે.)** **[02]**

44. રફુચક્કર થઈ જવું

45. પોબારા ગણી જવું

46. પેટનું પાણીય ના હાલવું

- **નીચે આપેલા પ્રશ્નોના કૌંસમાં દર્શાવેલ સૂચના મુજબ કોઈપણ પાંચના ઉત્તર લખો, (દરેકનો 01 ગુણ રહેશે.)** **[05]**

47. આવ્યાં છો ત્યારે ઉતારા કરતાં જાવ (સંયોજક શોધો)

48. મોટા કરીને મા તે ખોળામાં ખહતા કર્યા (પ્રત્યય સુધારો)

49. મનુષ્યોનું મગજ વધારે બળવાન હોય છે. (વિભક્તિ ઓળખાવો)

52. હિચકારું કૃત્ય જોઈને કોણ બોલ્યું ? (વાક્યનો પ્રકાર ઓળખાવો)

51. રમણિકલાલે સો રૂપિયાની નોટ કાઢી (કર્મણિ વાક્ય બનાવો)

52. શેઠ, મરનારનું ભલું થાય એવા કામમાં આ રૂપિયા વાપરવા (આજ્ઞાર્થ વાક્યમાં ફેરવો)

## વિભાગ - D (અર્થગ્રહણ)

- **નીચે આપેલું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો. (દરેકનો 01 ગુણ રહેશે.)** **[05]**

ઓચિંતુ કોઈ મને રસ્તે મળે
ને કદિ ધીરેથી પૂછે કે કેમ છે ?
આપણે તો કહીએ કે દરિયાની મોજમાં
ને ઉપરથી કુદરતની રહેમ છે.
ફાટેલાં ખિસ્સાની આડમાં મૂકી છે અમે
છલકાતી મલકાતી મોજ
એકલો ઊભું ને તોય મેળામાં હોઉં એવું
લાગ્યા કરે છે મને રોજ
તાળું વસાય નહીં એવડી પટારીમાં
આપણો ખજાનો હેમખેમ છે.
આપણે તો કહીએ કે....
આંખોમાં પાણી તો આવે ને જાય
નથી ભીતર ભીનાશ થતી ઓછી
વધ-ઘટનો કાંઠાઓ રાખે હિસાબ
નથી પરવા સમંદરને હોતી
સૂરજ તો ઊગે ને આથમીયે જાય
મારી ઉપર આકાશ એમ ને એમ છે.
આપણે તો કહીએ કે...

પ્રશ્નો :

53. 'કોઈ પૂછે કે કેમ છે ?' પ્રશ્નનો કવિ શો ઉત્તર આપે છે ?

54. 'કોઈ પૂછે કે કેમ છે ?' પ્રશ્નના આપેલા ઉત્તરમાં કવિનો કયો ભાવ પ્રગટ થયો છે ?

55. કવિએ મોજને ક્યાં મૂકી છે ?

56. 'આપણો ખજાનો હેમખેમ છે' દ્વારા કવિ શું કહેવા માંગે છે ?

57. કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

- **નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો. (દરેકનો 01 ગુણ રહેશે.)** **[05]**

વૃક્ષો અન્યના સુખ માટે છાંયડો આપે છે, પોતે તાપમાં તપીને અને અસહ્ય ગરમી વેઠીને બીજાને પોતાનાં ફળ આપે છે. તે પરોપકારી મનુષ્યો જેવા જ હોય છે. જો આ નાશવંત કાયાનો ઉપયોગ પરોપકાર્થે ન થવાનો હોય તો તેની ઉપયોગીતા શી ? સુખડ જેમ વધારે ઘસાય તેમ વધારે સુવાસ આપે, શેરડી જેમ વધારે પિલાય તેમ વધારે રસ આપે, સોનું જેમ વધારે તપે તેમ વધારે ચળકાટ ધારણ કરે, ઉદાર મનુષ્યો પ્રાણાન્તે પણ પોતાના સદ્‌ગુણો તજતા નથી, જગત તેમની સ્તુતિ કરે કે ન કરે, તેઓ શ્રીમંત હો કે ગરીબ હો અલ્પાયુ હો કે દીર્ઘાયુ હો, તેઓ ગમે તે સ્થિતિમાં હો પરંતુ તેઓ પોતાના માર્ગથી ચલિત થશે નહિ. જે બીજાના માટે જીવતો નથી તેનું જીવન નિરર્થક છે. જીવવા ખાતર જીવવું એ તો કાગડા-કૂતરાનું જીવન. જેઓ સૃષ્ટિના કલ્યાણમાં પ્રાણ પાથરે છે તેઓ પોતાનું જીવન સાર્થક કરે છે.

**પ્રશ્નો :**

58. પરોપકારી મનુષ્યો કોના જેવા હોય છે ?

59. કાગડા-કૂતરાનું જીવન કોને કહેવાય ?

60. કોનું જીવન નિરર્થક છે ?

61. કેવા મનુષ્યો પ્રાણાન્તે પણ પોતાના સદ્‌ગુણો તજતા નથી ?

62. ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

- **નીચે આપેલો ગદ્યખંડ વાંચી, ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી યોગ્ય શીર્ષક આપો.** **[04]**

63. એક અરીસા ઉપર જો કચરો અને ધૂળ જામી ગયાં હોય તો તેમાં આપણું પ્રતિબિંબ જોઈ શકાતું નથી; તે જ રીતે અજ્ઞાન અને દુષ્ટતા આપણા હૃદયના અરીસા ઉપર કચરા અને ધૂળ સમાન છે. જેમાં આપણે આપણી જાતનો જ સૌથી પ્રથમ વિચાર કરીએ છીએ તે સ્વાર્થીપણું એ મોટામાં મોટું પાપ છે, જે એમ વિચારે છે કે 'હું પહેલો ખાઈ લઈશ. હું બીજાઓ કરતાં વધુ ધન મેળવીશ અને બધું મારી પાસે જ રાખીશ.' જે એમ વિચારે છે કે 'બીજાઓની પહેલાં હું સ્વર્ગે જઈશ, બીજાઓની પહેલાં હું મુક્તિ મેળવીશ' તે મનુષ્ય સ્વાર્થી છે. નિઃસ્વાર્થી મનુષ્ય કહે છે, 'હું' છેલ્લો રહીશ, હું સ્વર્ગમાં જવાની દરકાર રાખતો નથી. વળી, જો નરકે જવાથી પણ મારા ભાઈઓને હું મદદરૂપ થઈ શકું તો હું નરકે જવા પણ તૈયાર છું.' આ નિઃસ્વાર્થવૃત્તિ ધર્મની કસોટી છે.

**– સ્વામી વિવેકાનંદ**

- **યોગ્ય વિરામચિહ્‌નો મૂકી વાક્યો ફરીથી લખો :** **[02]**

64. અરે આવે શું નહીં તમે મોઢામાંથી કાંક બોલો તો-તો હમણાં આવે; મોરલીને માથે નાગ આવે એમ આવે. આમ જોવોને આખી પીઠમાં કાછિયા કેવી-કેવી બોલી કરીને લલકારી રિયા છે.

## વિભાગ - E (લેખન સજ્જતા)

65. નીચે આપેલી પંક્તિનો આશરે 100 શબ્દોમાં વિચાર વિસ્તાર કરો. **[04]**

'કોઈ મારા માર્ગમાં કંટક ભલેને પાથરે;
પુષ્પ તેના માર્ગમાં વેરીશ હું, વેરીશ હું.'

66. તમારી શાળામાં યોજાયેલ ધો.-10 અને 12ના વિદ્યાર્થીઓના વિદાય સમારંભનો અહેવાલ તમારી ભાષામાં લખો. **[04]**

67. નીચે આપેલા પૈકી કોઈ એક વિષય પર આશરે 200 શબ્દોમાં નિબંધ લખો. **[08]**

- **સૃષ્ટિનો શણગાર : વસંત**

  (પ્રસ્તાવના - વિવિધ ઋતુ - અનોખી વસંત - પ્રકૃતિની શોભા - માનવજીવન અને પ્રકૃતિમાં પરિવર્તનો - સૃષ્ટિ પર અસરો

- પ્રદૂષણ - એક સાર્વત્રિક સમસ્યા

  (પ્રસ્તાવના - એકવીસમી સદીનો મોટો પડકાર - વૈશ્વિક સમસ્યા - વાયુ પ્રદૂષણ - જળ પ્રદૂષણ - ધ્વનિ પ્રદૂષણ - પ્રદૂષણ ઘટાડવાના ઉપાયો - ઉપસંહાર)

- સ્વચ્છતા ત્યાં પ્રભુતા

  (પ્રસ્તાવના - શરીરની સ્વચ્છતા - ઘર અને મહોલ્લાની - ગાંધીજીની સ્વચ્છતા અંગેના પ્રયત્નો - ગામડાં અને શહેરોની સ્થિતિ - સ્વચ્છતાની સહિયારી જવાબદારી - ઉપસંહાર)

## શૈક્ષણિક વર્ષ 2024-25

## Competency Based Questions (ક્ષમતા આધારિત પ્રશ્નો)ની વિગત

**ધોરણ - 11** **વિષય : ગુજરાતી (પ્રથમ ભાષા) (FL)**

| પ્રશ્નનો ક્રમ | પ્રશ્નની ટૂંકમાં વિગત | ગુણ | Competency(ક્ષમતા) | Learning Outcomes (અધ્યયન નિષપત્તિ) |
|---|---|---|---|---|
| 3 | **વિભાગ - A (પદ્ય)**<br>હેતુલક્ષી પ્રશ્નોના ઉત્તર લખો. | 01 | C-1.1 - ચર્ચા અને તર્ક દ્વારા જવાબ લખશે. | G-1102 વિદ્યાર્થી અર્થગ્રહણ કરી મૌખિક તેમજ લેખિત સ્વરૂપમાં રજૂ કરે છે. |
| 6 | બહુવિકલ્પ પ્રશ્નોના જવાબ લખો. | 01 | C-1.2 - અનુભવના આધારે યોગ્ય ઉત્તર આપશે. | G-1103 વિદ્યાર્થી કૃતિઓની સમીક્ષામાં પોતાના મૌલિક વિચારો, મંતવ્યો, તારણો રજૂ કરે છે. |
| 8 | એક વાક્યમાં ઉત્તર લખો. | 01 | C-1.2 - અનુભવના આધારે યોગ્ય ઉત્તર આપશે. | G-1104 વિવિધ સાહિત્ય સ્વરૂપોનું પાઠ્યપુસ્તક તેમજ સામયિકો અને પુસ્તકો દ્વારા અધ્યયન કરે છે. |
| 11 | સવિસ્તાર ઉત્તર લખો. | 04 | C-1.2 - વિષયવસ્તુનું અર્થઘટન કરી વિસ્તૃત લખાણ લખશે. | G-1104 ઉપર મુજબ |
| 14 | **વિભાગ - B (ગદ્ય)**<br>હેતુલક્ષી પ્રશ્નોના ઉત્તર લખો. | 01 | C-1.1 - ચર્ચા અને તર્ક દ્વારા જવાબ લખશે. | G-1102 વિદ્યાર્થી અર્થગ્રહણ કરી મૌખિક તેમજ લેખિત સ્વરૂપમાં રજૂ કરે છે. |
| 19 | એક વાક્યમાં ઉત્તર લખો. | 01 | C-1.2 - અનુભવના આધારે યોગ્ય ઉત્તર આપશે. | G-1104 વિવિધ સાહિત્ય સ્વરૂપોનું પાઠ્યપુસ્તક તેમજ સામયિકો અને પુસ્તકો દ્વારા અધ્યયન કરે છે. |
| 20 | ચાર-પાંચ વાક્યોમાં ઉત્તર લખો. | 02 | C-1.2 - વિષયવસ્તુનું અર્થઘટન કરી વિસ્તૃત લખાણ લખશે. | G-1104 ઉપર મુજબ |
| 21 | ચાર-પાંચ વાક્યોમાં ઉત્તર લખો. | 02 | C-1.2 - વિષયવસ્તુનું અર્થઘટન કરી વિસ્તૃત લખાણ લખશે. | G-1104 ઉપર મુજબ |
| 22 | સવિસ્તાર ઉત્તર લખો. | 04 | C-1.2 - વિષયવસ્તુનું અર્થઘટન કરી વિસ્તૃત લખાણ લખશે. | G-1104 ઉપર મુજબ |
| | **કુલ** | **40** | | |

## શૈક્ષણિક વર્ષ 2024-25

## ધોરણ - 11

## વિષય : ગુજરાતી (પ્રથમ ભાષા) (FL)

## વાર્ષિક પેપર

**ક્ષમતા આધારિત પ્રશ્નો** **કુલ ગુણ - 80**

| વિભાગ | પ્રશ્ન નં. | વિગત | ક્ષમતા આધારિત ગુણ |
|---|---|---|---|
| વિભાગ - C વ્યાકરણ | 23 થી 52 | સમાનાર્થી, વિરોધી, શબ્દસમૂહ, તળપદા, જોડણી, શબ્દોના અર્થભેદ, રૂઢિપ્રયોગ, સંયોજક, પ્રત્યય, વિભક્તિ, વાક્યોના પ્રકાર, કર્મણિ, આજ્ઞાર્થ. | 16 |
| વિભાગ - D અર્થગ્રહણ | 53 થી 57 | કાવ્યાર્થગ્રહણ | 5 |
| | 58 થી 62 | ગદ્યાર્થગ્રહણ | 5 |
| | 63 | સંક્ષેપીકરણ | 4 |
| | 64 | વિરામચિહ્નો | 2 |
| વિભાગ - E લેખન | 65 | વિચારવિસ્તાર | 4 |
| | 66 | અહેવાલ | 4 |
| | | કુલ | 40 |

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ • ગાંધીનગર •

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ 2024-25

## ધોરણ-11 (વિજ્ઞાન/સામાન્ય પ્રવાહ)

## વિષય : ગુજરાતી (દ્વિતીય ભાષા)

## પ્રથમ પરીક્ષા

## પ્રશ્નપત્રનું પરિરૂપ

સમય : 2 કલાક | કુલ ગુણ : 50

